## સુરતના ચોથા એડી.સીની.સી.જજ અને એડી.ચીફ.જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં

**ફોજદારી કેસ નં.૧૭૨૫૦/૨૦૧૭**

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

સદર કામે ફરીયાદીએ સદર ખાનગી ફરીયાદ ધી નેગો. ઈન્સ્ટુ. એકટ કલમ –૧૩૮ અન્વયે રૂા.૨,૪૦,૬૬૩/– નાં ચેકસ સ્વીકારાયા વિના પરત ફરતા આરોપી સામે દાખલ કરેલ છે જે સમરી ટ્રાયેબલ કેસ છે. આરોપી રહે : ૨૦૩, ગીરધર એપાર્ટમેન્ટ, સ્વીટ હાઉસ, અગ્રસેન ભવનની સામે, સીટીલાઈટ, સુરત. ધંધાનું સ્થળ : દુકાન નં.૧૦૨૧, જય રાધે માર્કેટ, પારસ માર્કેની પાસે, રીંગ રોડ તથા મુળ વતન : ગામ પોસ્ટ–લાઠી, જી.જેસલમેર, રાજસ્થાન ના રહેવાસી છે. રેકર્ડ જોતા આરોપીને પ્રોસેસ બજવાનો તબકકો કેસ દાખલ થયો ત્યારથી આજદિન સુધી ચાલ્યો આવે છે. આરોપીને કરેલા પ્રોસેસ તા. ૨૮/૧/૨૦૨૦, તા.૧૭/૩/૨૦૨૦, તા.૨૩/૨/૨૦૨૧ થી બજે કે વગર બજે પરત ફરેલ નથી. સદર કામ મારા પુરોગામી સાહેબશ્રીએ તા.૮/૭/૨૦૨૧ નાં રોજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ છે. ત્યારબાદ પણ ફરીયાદી તરફે બજવણીના અસરકારક પ્રયત્ન કરવામાં આવેલ નથી. અત્રેની અદાલત ધ્વારા અનેક પ્રોસેસ કરવામાં આવેલ છે. જે વગર બજે પરત છે. જેથી આ તબકકે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૬ નોંધવી હુ ઉચિત સમજુ છુ.

**કલમ–૨૫૬:–**

**ફરીયાદીની ગેરહાજરી અથવા મૃત્યુ.**

(૧) જો સમન્સ ફરીયાદ પરથી કરવામાં આવ્યો હોય અથવા ત્યારપછીના કોઈ દિવસ પર સુનવણી મુલતવી રાખવામાં આવી હોય તે દિવસે ફરીયાદી હાજર ન થાય તો આ પહેલા અત્રે ગમે તે જોગાવઈ હોય, તેમ છતાં મેજી., આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકશુ, સિવાય કે કોઈ કારણસર કેસની સુનવણી અન્ય કોઈ દિવસે મુલતવી રાખવાનુ તેને યોગ્ય જણાય, પરંતુ કોઈ ધારાશાસ્ત્રી અથવા ફોજદારી કાર્યવાહી ચલાવનાર કોઈ અધિકારી ફરીયાદીનુ પ્રતિનીધીત્વ કરતા હોય અથવા મેજી. નો એવો અભિપ્રાય થાય કે ફરીયાદીની અંગત હાજરી આવશ્યક નથી તો મેજી. તેની હાજરી વગર ચલાવી લેશે તથા કાર્યવાહી ચલાવી શકશે.

(૨) ફરીયાદીની ગેરહાજરી તેના મૃત્યુના કારણે હોય તેવા કેસમાં શકય હોય ત્યાંસુધી પેટા કલમ–૧ ના પ્રબંધ લાગુ પડશે.

ઉપરોકત જોગવાઈ હાથ પરના કેસની હકીકતો ધ્યાને લેતા આરોપીઓનુ ચોકકસ અને ખરુ સરનામુ રેકર્ડ પર મુકી બજવણી કરવા માટે ફરીયાદીની હાજરી આવશ્યક

છે પરંતુ ફરીયાદી છેલ્લી ઘણી મુદતોથી હાજર રહેલ નથી જેથી તેમની ગેરહાજરી ઉપરોકત જોગવાઈને આકર્ષિત કરે છે.

સદર કેસ અંગે ફરીયાદી પક્ષને બજવણી કરવા જણાવવામાં આવેલ છે તેમ છતાં ફરીયાદી તરફે બજવણી કરી કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૮૨/૮૩ ની કાર્યવાહી કરવા પ્રયત્ન કરેલ હોય તેવુ બનેલ નથી. સદર કેસ નામ. ડીસ્ટ્રીકટ કોર્ટના વેબ પોર્ટલ પર નિયમીતપણે અપડેટ થાય છે. નામ. સર્વોચ્ચ અદાલતે એન.આઈ એકટ ના કેસોના ભારણ અંગે તાકીદ કરેલ છે, નામ. ગુજરાત હાઈકોર્ટના ભવાની ટેક્ષટાઈલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ તા.૧૮/૦૧/૨૦૧૦ તથા નામ.સર્વોચ્ચ અદાલતના એસ. રામક્રિષ્ના વિ. રામી રેડડી, ક્રિમીનલ અપીલ નં. ૭૫૫/૨૦૦૮ તા.૨૯/૦૪/૨૦૦૮ ના ચુકાદાને લક્ષમાં લેતાં સ્પીડી ટ્રાયલનો સિધ્ધાંત સ્થાપિત બને છે. હાલના કેસમાં ફરીયાદીની સતત ગેરહાજરી, ઉદાસીનતા, નિષ્કાળજી, બેદરકારી, ગફલત જોતાં હાલનો કેસ ડેડ–વુડ બનેલ છે. જેથી સદર પ્રકારના નોનઈફેકટીવ કામોને કારણે કોર્ટનુ ભારણ બિનજરૂરી રીતે વધેલ છે અને તે કારણસર અસરકારક તથા ગંભીર કામોમાં ધ્યાન આપવા ના સમયની અછત સર્જાઈ છે. જેથી નીચે મુજબનો હુકમ આજરોજની લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં કરવો હું વાજબી તથા ન્યાયોચિત સમજુ છુ.

**:: હુકમ ::**

સદર ફરીયાદમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ હેઠળ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી માહે મે, સને – ૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩ /૦૫/૨૦૨૩

સુરત.

**ઈ/ચા.** ચોથા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
સુરત.